ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૧ ટકા

ગાંધીનગર તાપમાન

બજરંગદળના યુવા સંમેલનમાં કાર્યકરો ઉમટી પડ્યા

સનાતન ધર્મની રક્ષા માટે યુવાનોને કટિબધ્ધ થવા મધુસુદન દાસજી મહારાજનું આહવાન

ગાંધીનગર, તા.૧૮

આજે ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કેમ્પસના ઓડીટોરીયમમાં વિશ્વ હિન્દુ પરિષદના બજરંગ દળના ગાંધીનગર વિભાગ દ્વારા યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા સંમેલનને વાવોલ રામધામના મહંત પૂ.મધુસુદનદાસ મહારાજે ઉપસ્થિત રહી કાર્યકરોને સનાતન ધર્મના રક્ષણ માટે કટિબધ્ધ થવા અને મોબાઈલના દુષણોથી દુર રહેવા શીખ આપી સાથે આશિર્વચન પાઠવ્યા હતા. સંમેલનના અધ્યક્ષપદે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ.ના કુલપતિ ડો.અર્જુનસિંહ રાણા, મુખ્ય વકતા તરીકે બજરંગ ળદના કર્ણાવતી ક્ષેત્ર સંયોજક ભાવેશભાઈ ઠકકર તેમજ વિશ્વ હિંદુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંત સહમંત્રી કમલેશભાઈ સુતરીયા ઉપસ્થિત રહયા હતા.

સ્વતંત્રતાના અમૃત મહોત્સવ ઉજવવા ભારતમાં વધી રહેલી ધર્મ ઝનુનતા અને ધર્માતરણને કારણે દેશની મુળભુત સંસ્કૃતિ પર થઈ રહેલા પ્રહાર તેમજ આધુનિકતાની સાથેસાથે પશ્ચિમના આંધળા અનુકરણને કારણે પરંપરાગત મૂલ્યો વિસરાઈ રહયા છે ત્યારે હિન્દુ ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ હેતુસર યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખુબ મોટી સંખ્યામાં બજરંગદળના યુવા કાર્યકરો ઉમટી પડયા હતા. આ પ્રસંગે ડો.અર્જુનસિંહ રાણાએ યુવાનોને પરંપરાગત રમતોને જીવનનો ભાગ બનાવવા પ્રેરિત કર્યા હતા જયારે ભાવેશભાઈ ઠક્કરે સનાતન હીન્દુ ધર્મના રક્ષણ માટે બજરંગ દળની ભુમિકા અંગે યુવા કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે નલીનભાઈ પટેલે બજરંગદળની સ્થાપના, ઉદેશ અને કાર્ય સાથે યુવા સંમેલનની ભુમિકા અંગે જયારે કાર્યક્રમના સમાપને બજરંગદળના ગુજરાત પ્રાંતના મંત્રિ હિતેન્દ્રસિંહ વાઘેલાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના આયોજન માટે બજરંગ દળના જિલ્લા અધ્યક્ષ મહેન્દ્રભાઈ મોડીયા, જિલ્લા સંયોજક શક્તિસિંહ ઝાલા, સુરક્ષા પ્રમુખ કરણસિંહ ગોલ સહિત તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજનો યુવક મહોત્સવમાં દબદબો

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી ઉત્તર વિભાગનો યુવક મહોત્સવ વાસણ ખાતેના બાપુ નોલેજ વિલેજ ખાતે યોજાઈ ગયો. જેમાં સાહિત્યિક, નાટક, સંગીત, નૃત્ય, બૌધિક વિગેરે મળીને ૩૨ સ્પર્ધાઓ ત્રીસ જેટલી કોલેજના એક હજારથી પણ વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ગાંધીનગર અને ગુજરાતની પ્રતિષ્ઠિત ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ સ્કીટ, ઈન્સ્ટોલેશન, ડીબેટ, ઈલોક્યુશન, પોસ્ટર મેકિંગ અને કાર્ટૂનીંગ સ્પર્ધામાં બેસ્ટ થ્રીમાં સ્થાન પામી છે.

સ્કીટ સ્પર્ધામાં પ્રિયાંશી શુકલા, ઉર્વશી ઠાકોર, રૂપલ દેસાઈ, અંજલી પાંડે, શીતલ પરમાર અને પ્રાર્થના ભગતે શાનદાર પ્રદર્શન કરીને ઉત્તમ ત્રણમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. ઈન્સ્ટોલેશન સ્પર્ધામાં રીંકુ રાણા, આરતી આસોડિયા, ક્રિષ્ના દેસાઈ અને દિયા પટેલ વિજેતા બન્યા હતા. ડીબેટમાં શ્રૃતિ રાવલ અને જાનકી ઝાલાની જોડીએ રંગ જમાવ્યો. ઈલોક્યુશનમાં શ્રુતિ રાવલ વિજેતા બન્યા હતા. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ક્રિષ્ણા દેસાઈએ સ્થાન પ્રાપ્ત કર્યુ અને કાર્ટૂનીંગ સ્પર્ધામાં આરતી આસોડીયા ઉત્તમ ત્રણમાં સ્થાન પામ્યા હતા. હવે પછીની આંતર વિભાગીય સ્પર્ધાઓમાં આ તમામ વિદ્યાર્થીનીઓ ગુજરાત ઉત્તર વિભાગનું પ્રતિનિધિત્વ કરશે.

વિદ્યાર્થીનીઓ દ્વારા આવા ઉત્તમ દેખાવ બદલ કોલેજના આચાર્ય ડૉ. હરીતભાઈ એસ. પટેલ, યુવક મહોત્સવ સમિતિના કોઓર્ડીનેટર પ્રા. પાયલબેન પંડ્યા, સભ્યો ડૉ. કીર્તિકમલ વાઘેલા અને ડૉ. પ્રણવ જોષીપુરા તેમજ તમામ કોલેજ પરિવાર તરફથી વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આર.એન. પ્રાયમરી સ્કૂલ દ્વારા ત્રિમંદિરની મુલાકાત યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૧ના કુલ ૮૧ વિદ્યાર્થીઓએ તા. ૧૨-૯-૨૨ને સોમવારના રોજ પ્રકૃતિના ખોળે પર્યાવરણનો અનહદ આનંદ મેળવવા અડાલજ પાસે આવેલ વૈષ્ણોદેવી, ત્રિમંદિર તથા જમિયતપુરા ખાતે પ્રભા હનુમાનની મુલાકાત લીધી હતી. વર્ગની ચાર દીવાલમાંથી બહાર કુદરતી પર્યાવરણના સાનિધ્યમાં આનંદ કિલ્લોલ સાથે આનંદ માણ્યો હતો. સાથે સાથે બાળકોમાં સમૂહ ભાવના કેળવાય તે હેતુથી વિદ્યાર્થીઓ માટે સમૂહ નાસ્તાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ માટે નિઃશુલ્ક સ્કૂલ બસનો ઉપયોગ કરવામાં આવ્યો. વર્ગ શિક્ષકની ઉપસ્થિતિમાં બાળકો આ નાની પીકનીકનો મોટો આનંદ માણ્યો હતો.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં અંગદાન મહાદાન જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા.૧૮

શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિન નિમિત્તે અંગદાન મહાદાન જાગૃતિ અભિયાન એનએસએસ અંતર્ગત ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્ટાફ તથા કોલેજની વિદ્યાર્થીનીઓએ હાજર રહી પ્રતિજ્ઞા લીધી હતી. જેમાં એનએસએસની વિદ્યાર્થીની ખુશ્બુ ચૌધરીએ પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો.એમ.એમ.ચૌધરીએ અંગદાન મહાદાન વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં એનએસએસના ઓફીસર ડો.સજજનબેન ચૌધરીએ પણ અંગદાન મહાદાન વિશે માહિતગાર કર્યા હતા.

વેદ સ્કુલ દ્વારા કલાસ વાઈઝ ફીલ્ડ ટ્રીપ

ગાંધીનગર, તા.૧૮

વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં વિદ્યાર્થીઓની અલગ અલગ કલાસ વાઈઝ ફિલ્ડ ટ્રીપ યોજાઈ હતી. વિદ્યાર્થીઓની અવલોકન શક્તિનો વિકાસ થાય, નિર્ણાયક વિચારશીલતા વધે, સાથીદારો સાથે મિત્રતા કેળવાય અને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તૃત કરવાના હેતુથી આ ટ્રીપનું આયોજન કરાયું હતું. જેમાં નાનકડા ભુલકાઓ માટે ઈન્દ્રોડા પાર્ક, પરિવહન વ્યવસ્થાની પરીચીત કરવા માટે બીજી કલાસના વિદ્યાર્થીઓને રેલ્વે સ્ટેશન લઈ જવાયા હતા. ફીલ્ડ ટ્રીપનો અનુભવ બાળકો માટે આનંદિત હતો. જેમાં બાળકોએ મેળવેલ માહિતી પરથી અસાઈમેન્ટ પણ સોલ્વ કરવાનું હોય છે જેથી બાળકો કેટલું શીખ્યા તેનો અંદાજ આવી શકશે.

ભુતકાળનું જતન કરતાં મને આવડે છે, ભુતકાળમાંથી ભવિષ્ય બનાવતાં આવડે છે..!

ઐતિહાસિક વારસા અને સ્થાપત્યોના જતન માટે કાર્યરત ઈતિહાસનો વિદ્યાર્થી : હેરિટેજ વોક, હેરિટેજ ટી પાર્ટી અને સ્વચ્છતા અભિયાન થકી અત્યાર સુધીમાં ૫૦થી વધુ વાવોની સાફસફાઈ કરી : ઉવારસદની વાવને ત્રણ વર્ષ માટે દત્તક લઈને સ્ટેપવેલ મ્યુઝિયમ શરૂ કરવાની કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા.૧૮

કોઈપણ સંસ્કૃતિની ઓળખ તેના ઐતિહાસિક વારસા અને સ્થાપત્યો થકી થાય છે. ભારતીય સંસ્કૃતિ પ્રાચીન કાળથી બેનમૂન સ્થાપત્યો અને સમૃધ્ધ ઐતિહાસિક વારસા માટે સમગ્ર વિશ્વમાં સુપ્રસિધ્ધ છે. ગુજરાત પણ આ ઐતિહાસિક ધરોહરમાં ખુબજ મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતના ઐતિહાસિક સ્થાપત્યોમાં વાવનું એક આગવું સ્થાન રહયું છે અને રાજયના ખુણેખુણે અનેક કલાત્મક તેમજ ઈજનેરી કુશળતાના ભંડાર સમી વાવોનો ખજાનો ભરેલો પડયો છે. જો કેઆપણે આપણી આ સાંસ્કૃતિક વિરાસતના યોગ્ય જતન અંગે ઘણા ઉદાસીન રહયા છીએ જેના કારણે અઢળક વાવો લુપ્ત થઈ ચુકી છે અથવા તો અત્યંત ખંડેર અને બિસ્માર હાલતમાં છે. ગાંધીનગરમાં પાંચેક વર્ષથી રાંદેસણ વિસ્તારમાં સ્થાયી થયેલા મુળ બનાસકાંઠાના યુવાન કપિલ ઠાકરે ઘણા વર્ષોથી આપણી આ ઐતિહાસિક ધરોહરને ફરી જીવંત કરવાનું અભિયાન હાથ ધર્યુ છે અને અત્યાર સુધીમાં તેઓ ૫૦થી વધુ વાવોની તેમની સ્વૈચ્છિક સંસ્થાના પ્રયાસથી હેરિટેજ લવર્સને જોડીને સાફસફાઈ કરી ચુકયા છે. તાજેતરમાં જ તેમણે ઉવારસદની વાવને ત્રણ વર્ષ માટે દત્તક લઈતેની જાળવણી ઉપરાંત ત્યાં સ્ટેપવેલ મ્યુઝિયમ બનાવવાના એમઓયુ કરીને તેની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

બનાસકાંઠાના પાલનપુરના કપિલ ઠાકરે વર્ષ ૨૦૦૭માં ઈતિહાસ અને પુરાતત્ત્વ વિષય સાથે પોસ્ટ ગ્રેજયુએટ પૂર્ણ કર્યું હતું. હેરિટેજના સંવર્ધન અંગે અભ્યાસના ભાગરૂપે તેમણે તૈયાર કરેલા શોધ નિબંધ દરમ્યાન તેમના માનસમાં ઐતિહાસિક વિસંગતતાઓના જતન અંગેના બીજ રોપાયા હતા. જેમાં વાવોની કફોડી અને ખંડેર જેવી દુર્દશા જોઈને તેમને વિચાર આવ્યો કે જો સ્થાપત્યો જ નહીં રહે તો, સંશોધકો સંશોધન કેવી રીતે કરશે..? તેમને તે પણ ચિંતા થઈ કે ગુજરાત જેવા ઐતિહાસિક અને વિશાળ રાજયમાં શહેર ગામોમાં કેટલા સ્થાપત્યો આવેલા છે તેની સાચી હકીકત પણ કયાં કોઈને ખબર છે..? આ બાબતની પ્રેરણા લઈને તેમણે વર્ષ ૨૦૦૮માં ઈતિહાસ કલા અને સાંસ્કૃતિક સંવર્ધન અંગે કાર્ય શરૂ કર્યુ અને મિત્રો સાથે મળીને હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર નામે સંસ્થા સ્થાપી સ્વૈચ્છિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, વહીવટી તંત્ર તેમજ હેરિટેજ પ્રેમીઓની મદદથી જળમંદિર સમી વાવોની સફાઈની કામગીરી હાથ ધરી. તેઓ વીક એન્ડમાં આ પ્રવૃતિનું આયોજન કરતાં જેથી તેમાં અનેક મિત્રોનો સાથ સહકાર પણ મળી રહેતો હતો. કપિલ ઠાકરે તેમના કાર્યમાં વિવિધ પ્રવૃતિઓ જેવી કે શહેરી અને ગ્રામ્ય હેરિટેજ ટી પાર્ટી, હેરિટેજ ટુરિઝમ ડેવલપમેન્ટ, સ્થાપત્ય સફાઈ માટે અભિયાન, સેલ્ફી વોક, હેરિટેજ વોક, શેરી નાટકો, અવેરનેસ વર્કશોપ, સેમિનારો આયોજન કર્યા તેમજ સ્થાપત્યો અંગે સંશોધન કાર્ય શરૂ કર્યું. જેમાં વાવો ઉપરાંત મંદિરો વગેરેને પણ આવરી લીધા છે.

અગાઉ સોમનાથ ટ્રસ્ટમાં હેરિટેજ કન્સલ્ટર તરીકે સેવાઓ આપનાર કપિલ ઠાકર ૨૦૧૭થી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં કન્સલટન્ટ તરીકે ફરજ બજાવી રહયા છે અને તે સાથે જ તેઓ ગાંધીનગર સ્થાયી થયા છે. તેમની પ્રવૃતિઓમાં તેમના ધર્મપત્ની કિન્નરીબેન પણ એટલાં જ ઉત્સાહપૂર્વક જોડાય છે તેમજ તેમની સંસ્થાની કામગીરી સંભાળે છે. વર્ષ ૨૦૧૬થી કપિલ ઠાકરે તેમના ઐતિહાસિક વારસાના જાળવણી અભિયાનને વેગ આપવા અતુલ્ય વારસો નામનું સામયિક પણ શરૂ કર્યું જેના અત્યાર સુધીમાં ૩૩થી વધારે અંક પ્રસિધ્ધ થઈ ચુકયા છે. આ સાથે તેમણે વાવ વતનની.. અભિયાન છેડીને મુંબઈ, દીલ્હી, સીંગાપોર વગેરે સ્થળોએ ગુજરાતી સમાજ સાથે બેઠકો કરી, વતનના વારસાને ઉજાગર કરવા પ્રયાસો કર્યા છે. તેઓ ઐતિહાસિક વાવની સફાઈ સાથે ટી પાર્ટીનું આયોજન કરે છે અને ચા પીતા પીતા સભ્યોને ઐતિહાસિક વારસાના મહત્વ, જતન અને આગામી આયોજનો અંગે ચર્ચા કરી માર્ગદર્શન આપે છે. તેમની ૫૦થી વધુ ટી પાર્ટીમાં અત્યાર સુધીમાં દસ હજારથી વધુ ઈતિહાસ પ્રેમીઓ જોડાઈ ચુકયા છે આ સાથે તેમણે ચાર પુસ્તકો પણ લખ્યા છે જેમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલ વાવ સ્થાપત્ય, અંબાજી પ્રવાસન, આપણું બનાસકાંઠા અને સોમનાથ વૈભવી વારસોનો સમાવેશ થાય છે. હજુ તેમના વધુ બે પુસ્તકો ટુંક સમયમાં પ્રકાશિત થવા જઈ રહયા છે. આ સાથે તેઓ અતિતનું અજવાળું કાર્યક્રમ યોજી પૌરાણિક મંદિરોમાં સાફસફાઈ કરી ત્યાંના સ્થાનિક નાગરિકોને જોડીને મહાઆરતી, તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા આયોજનો કરે છે ગાંધીનગરના અંબાપુરની વાવ ખાતે તેઓએ ૨૨મીએ વિશ્વ જળ દિવસ નિમિત્તે વાવની સફાઈ સાથે જળગીતોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજીને મહાઆરતી પણ કરી હતી. ગાંધીનગરની ઉવારસદ વાવના જતન માટે ગ્રામપંચાયત સાથે ત્રણ વર્ષના એમઓયુ કરીને ત્યાં સ્ટેપવેલ મ્યુઝિયમ બનાવવાની કામગીરી શરૂ કરી છે. તેઓ પોતાની કાર્યશૈલીને સર્વેક્ષણ, સંશોધન અને દસ્તાવેજી કરણ, પ્રકાશન અને તેમનું મિશન ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરીને આ

ક્ષેત્રે રોજગારીની તકો ઉભી કરવા સાથે રાજયમાં વિશ્વસ્તરના હેરીટેજ સેન્ટરના નિર્માણ અંગેનું છે તેમણે પોતાની દીકરીના તમામ પાંચ જન્મદિવસ વાવ કે કુંડ ખાતે જ ઉજવ્યા છે કેમકે તેઓ માને છે કે મને ભુતકાળનું જતન કરતાં આવડે છે ભુતકાળમાંથી ભવિષ્ય બનાવતાં મને આવડે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

જન્મદિને વધામણી

ઉદય વૈષ્ણવ
જનસંપર્ક અધિકારી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય અને કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ

પ્રદિપભાઈ શાહ
રેડક્રોસ

શકુંતલાબેન મહેન્દ્રલાલ શાહ
ફોન : ૨૩૨૨૯૪૪૭

જાગૃતિ શ્રીકાંત ડોડિયા
મો. ૯૭૧૪૬ ૨૬૪૭૬

વિરાજ શાહ
મો. ૮૧૫૫૯ ૧૦૫૫૯

નવ્યા આશિષકુમાર જોષી
મો. ૯૭૨૨૫ ૧૬૦૨૧

હાર્દિક રાઠોડ

પાર્થ રસિકભાઈ પટેલ
મો. ૯૭૨૩૦ ૧૩૫૦૧

હેત્વી રાજેન્દ્રભાઈ પટેલ